રજુ તારીખ : ૨૬/૦૪/૨૦૨૨
નોંધ્યા તારીખ : ૨૬/૦૪/૨૦૨૨
ફેંસલ કર્યા તારીખ: ૦૪/૦૮/૨૦૨૨
સમય ગાળો:– <u>૦૦ વર્ષ ૦૩ માસ ૦૮ દિવસ.</u>

सत्यमेव जयते

**અમદાવાદ(ગ્રામ્ય)જિલ્લાના મહે. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત, અમદાવાદ.**

**<u>સેશન્સ કેસ નંબર : ૧૧૪/૨૦૨૨</u>**

**<u>આંક –</u>**

ફરિયાદી : સરકારશ્રી,

**વિરુધ્ધ**

આરોપીઓ : **૨. ગેમરભાઈ મગનભાઈ રબારી**
રહે. રાધાકૃષ્ણનગર વિ–૧,હાટકેશ્વર,
અમરાઈવાડી, અમદાવાદ.

**તહોમત : <u>ભારતીય દંડ સંહિતાની કલમ –૪૩૬,૧૧૪ મુજબ.</u>**

---

ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી ટી.પી.ચુડાસમા.
આરોપી નં.ર તરફે વિધ્વાન વકીલશ્રી એસ.સી.દેસાઈ.

---

**<u>:: ચૂકાદો ::</u>**

૧. આ કામમાં ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, તા.૨૮/૦૫/૧૯૯૭ના કલાક ૧૫:૩૦ વાગે કળશ પાર્ટી પ્લોટમાં આવેલ ફરીયાદી રાજેશભાઈ નવીનચંદ્ર ગાંધીના ડેકોરેશનના ગોડાઉનની બાજુમાં બાંધેલ માંડવાને આ કામના આરોપી મણીલાલ ધર્માજી

District & Sessions Court Ahmedabad Rural
सत्यमेव जयते

બોડાતને આરોપી ગેમરભાઈ મગનભાઈ રબારીએ આગ લગાડવાનું કહેતા આરોપી મણીલાલે બાંધેલ માંડવાને આગ લગાડી રૂા.૨૦૦/– નું નુકશાન કરી એકબીજાની મદદગારીમાં ગુન્હો કરેલો હોઈ ફરીયાદીની ફરીયાદના આધારે ગુન્હો દાખલ થતા તપાસ કરનાર અધિકારી ધ્વારા આ ગુન્હાની આગળની તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવેલું.

૨. આ કામમાં આરોપી નં.૧ મણીલાલ ધર્માજી બોડાતનાઓ મળી આવતા ન હોય અને આ કેસ સને ૧૯૯૭નો હોય તેના કારણે ૨૪ વર્ષ ઉપરાંતથી કેસ કમીટ થઈ શકતો ન હોય વિ.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ તા.૧૯/૦૨/૨૦૨૨ ના રોજ આરોપી નં.૧ મણીલાલ પૂરતો કેસ સેપ્રેટ કરવાનો હુકમ કરેલ છે. આ કામના આરોપી ગેમરભાઈ મગનભાઈ દેસાઈ વિરૂધ્ધના આક્ષેપિત ગુન્હાની હકીકત, સજાની જોગવાઈ અને આરોપી વિરૂધ્ધ ઈન્સાફી ન્યાયિક કાર્યવાહી ચલાવવાની હકુમતને ધ્યાનમાં લઈ વિધ્વાન કમીટલ કોર્ટ ધ્વારા સી.આર.પી.સી. કલમ –૨૦૯ હેઠળ કમીટ કરતા સેશન્સ કોર્ટના સેશન્સ કેસ રજીસ્ટરમાં નં. ૧૧૪/૨૦૨૨ થી નોંધવામાં આવેલો છે.

૩. આ કામના આરોપી વિરૂધ્ધના આક્ષેપિત ગુન્હાની હકીકતો અને ચાર્જશીટના પેપર્સ વંચાણે લઈ આરોપી વિરૂધ્ધ આંક–૪થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૩૬ ની સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે તા.૧૪/૦૬/૨૦૨૨ ના રોજ તહોમતનામુ ફરમાવવામાં આવેલું છે અને આંક–૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલો છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી નીચે

પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**<u>ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક પુરાવો:-</u>**

| અ.નં. | **સાહેદનું નામ** | આંક |
|---|---|---|
| ૧. | પ્રવિણભાઈ ચીનુભાઈ શાહ (ફરીયાદીની ડેકોરેશન કંપનીના કલાર્ક) | ૦૬ |
| ૨. | રાજેશભાઈ નવિનચંદ્ર ગાંધી (ફરીયાદી) | ૧૩ |

**<u>ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :-</u>**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૪ |

૪. આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ ઉપર ઉપરોકત હકીકતે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ટી.પી.ચુડાસમાએ આંક-૧૫ થી પુરાવો બંધ કરવાની પુરશીસ રજુ કરેલી છે.

૫. આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતો વંચાણે લેતાં આરોપી વિરૂધ્ધના ગુન્હાના આક્ષેપો પુરવાર કરવા માટે રેકર્ડ ઉપર જે પુરાવા રજુ થયેલ છે તેને ધ્યાનમાં લેતાં આરોપીનું સી.આર.પી.સી. કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે. વધુમાં જણાવેલું છે કે તેઓને હેરાન કરવા માટે ખોટી ફરીયાદ કરેલ છે.

૬. આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી વિ.એડી.પી.પી.શ્રી અને બચાવ

District & Sessions Court Ahmedabad Rural सत्यमेव जयते

પક્ષના વિધ્વાન વકીલશ્રીની હકીકત અને કાયદાના મુદ્દે વિસ્તૃત રજુઆતો સાંભળવામાં આવેલી છે.

૬.૧ આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી વિ.એડી.પી.પી.શ્રીએ આરોપી વિરૂધ્ધના આક્ષેપિત તહોમતનામાની હકીકતો, ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા અંગેની હકીકત અંગે વિસ્તૃત રજુઆત કરેલી છે.

૬.૨ આ કામમાં વિ.એડી.પી.પી.શ્રીએ પોતાની ભારપૂર્વકની રજુઆતમાં જણાવેલું છે કે આ કામમાં ફરીયાદીએ તેમના મૌખિક પુરાવામાં આ કામના આરોપીઓ તેઓના ત્યાં કામ કરતા હતા અને આરોપીએ શેડ સળગાવવાનો પ્રયત્ન કરેલો હતો અને તે સળગતુ અશોકભાઈ અને મગનભાઈએ ઓલવી નાખેલું અને તેમાં રૂા.બસો થી પાંચસોનું નુકશાન થતા ફરીયાદીએ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલી છે જે અંગે વિસ્તૃત રજુઆત કરેલી છે.

૬.૩ આ કામમાં વિ.એડી.પી.પી.શ્રીએ પોતાની ભારપૂર્વકની રજુઆતમાં જણાવેલું છે કે આરોપીએ દ્વેષભાવ રાખી ફરીયાદીના મંડપ ડેકોરેશનનો માલસામાન સળગાવવાનો પ્રયત્ન કરેલ પરંતુ હાજર સાહેદ અશોકભાઈ અને મગનભાઈ આગને જોઈ લેતાં ઓલવી નાખતા વધુ નુકશાન થતા અટકી ગયેલ તે બાબતની જાણ મગનભાઈ સેજુ અને અશોકભાઈએ કરેલી હતી. આમ, આરોપીઓને વધુ નુકશાન કરાવવું હતું પણ સાહેદોએ આગ જોઈ લેતાં તે નુકશાન થતું અટકાવી દીધેલું હતું. આ કામ ઘણું જુનુ છે તેથી અન્ય સાહેદોને પ્રોસેસ કરતાં મળી આવેલ નહોઈ વધુ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ

નથી. પરંતુ, ફરીયાદ પક્ષ તરફે મહત્વના સાહેદ એવા ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે, ફરીયાદીના પુરાવા પરથી આરોપીએ ફરીયાદ પક્ષના કથન મુજબનો આક્ષેપિત ગુન્હો આચરેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થયેલ છે અને ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોવા અંગે વિસ્તૃત રજુઆત કરેલી છે અને આરોપીને આક્ષેપિત ગુન્હામાં દોષિત ઠરાવવા માટે અરજ કરેલી છે.

૭. આ કામમાં બચાવ પક્ષના વિ.વ.શ્રીએ આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપિત તહોમતનામાની હકીકતો, ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકત અંગે વિસ્તૃત રજુઆત કરેલી છે.

૭.૧ આ કામમાં બચાવ પક્ષના વિ.વ.શ્રીએ પોતાની ભારપૂર્વકની રજુઆતમાં જણાવેલું છે કે ફરીયાદ પક્ષ તરફે માત્ર બે જ સાહેદો તપાસવામાં આવેલા છે અને જેમાં એક સાહેદે ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ નથી, ફરી ગયેલા જાહેર થયેલા છે. જયારે ફરીયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લઈએ તો ફરીયાદી બનાવ સમયે હાજર ન હતા અને તેઓને બનાવની જાણ અશોકભાઈ અને મગનભાઈનાએ કરેલી છે, આમ, ફરીયાદી એ હીયર સે સાહેદ છે અને ફરીયાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ પષ્ટપણે સ્વીકાર કરેલો છે કે તેમણે બનાવ નજરે જોયેલ નથી અને તેઓના સુપરવાઈઝર અને મેનેજરે જે હકીકત જણાવેલી તેના આધારે તેઓએ આ ફરીયાદ લખાવેલી હોવા અંગે વિસ્તૃત રજુઆત કરેલી છે.

૭.૨ આ કામમાં બચાવ પક્ષના વિ.વ.શ્રીએ પોતાની ભારપૂર્વકની રજુઆતમાં જણાવેલું છે કે, બનાવ સમયે જે સાહેદો હાજર હતા તેઓનો

પુરાવો રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી તેથી ફરીયાદ પક્ષના કથન મુજબનો બનાવ બનેલ ત્યારે કયા આરોપીએ, કેવી રીતે ગુન્હો કરેલ તેની કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તે અંગે વિસ્તૃત રજુઆત કરેલી છે.

૭.૩ આ કામમાં બચાવ પક્ષના વિ.વ.શ્રીએ પોતાની ભારપૂર્વકની રજુઆતમાં જણાવેલું છે કે આ કામે ફરીયાદીનો કયો માલસામાન સળગી ગયેલ તે પણ સ્પષ્ટપણે ફલિત થયેલ નથી, તેમજ આ કામે ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પુરાવા વિગેરે કોઈ સમર્થનકારક પુરાવા રજુ થઈ શકેલા નથી અને આરોપી વિરૂધ્ધ સીધો પુરાવો રજુ થયેલ ન હોય ફરીયાદ પક્ષ તરફથી તહોમતનામાની હકીકતો સાબિત થયેલી નથી જે અંગે વિસ્તૃત રજુઆત કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે અરજ કરેલી છે.

૮. આ કેસના નિર્ણય માટે નીચે પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>મુ દ્દા</u>**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે તા.૨૮/૦૫/૧૯૯૭ ના કલાક ૧૫:૩૦ વાગે કળશ પાર્ટી પ્લોટ, સરખેજ ગાંધીનગર હાઈવે ખાતે આવેલ ફરીયાદીના ગોડાઉનમાં બાંધેલ માંડવાને ડેકોરેશનના માલ સામાનનો નાશ કરવાના ઈરાદાથી આગ લગાડી તમો આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૩૬ ની સાથે વાંચતા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

૯. ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિ ર્ણ યો ::**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ :–**

૧૦. આ કામમાં આરોપી વિરૂધ્ધ ગુન્હો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક અને લેખિત દસ્તાવેજોનું મૂલ્યાંકન કરવું ન્યાયી અને વાજબી છે જેમાં સૌ પ્રથમ આ કામના ફરીયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેવો જરૂરી છે.

**// ફરીયાદ પક્ષ તરફે ફરીયાદીનો મૌખિક પુરાવો અને રજુ થયેલ ફરીયાદનો દસ્તાવેજી પુરાવો //**

૧૧. આ કામમાં સાહેદ નં.ર તરીકેફરીયાદી રાજેશભાઈ નવિનચંદ્ર ગાંધીનો આંક–૧૩ થી મૌખિક પુરાવો નોંધવામાં આવેલો છે. ફરીયાદી સાહેદના મૌખિક પુરાવાની હકીકત વંચાણે લેતાં જણાવેલું છે કે ફરીયાદી આર.ગાંધી એન્ડ કંપનીના નામથી ડેકોરેશનનો ધંધો કરે છે અને તેની ઓફીસ સી.જી. રોડ ઉપર આવેલી છે, બનાવ વખતે તેઓનું ગોડાઉન એસ.જી.હાઈવે, કળશ પાર્ટી પ્લોટમાં હતું અને ગોડાઉનમાં મંડપ અને કેટરીંગને લગતો સામાન રાખતા હતા ત્યાં મણીલાલ અને ગેમરભાઈ દેસાઈ કામ કરતા હતા.

૧૧.૧ સાહેદે વધુમાં જણાવેલું છે કે બનાવ સને ૧૯૯૭ના વર્ષમાં બનેલ અને કળશ પાર્ટી પ્લોટમાં તેઓએ શેડ બનાવેલ તેને સળગાવવાનો પ્રયત્ન આરોપી મણીલાલ અને ગેમર દેસાઈએ કરેલ તે સ્થળ ઉપર હાજર

અશોકભાઈ મોદી અને મગનભાઈ સેજુએ જોયેલું અને ઓલવી નાખ્યુ હતું અને આશરે રૂા. બસોથી પાંચસો રૂપિયાનું નુકશાન થયેલું જેની વાત મગનભાઈ સેજુ અને અશોકભાઈએ તેઓને કરેલી અને તેઓએ આ બનાવની ફરીયાદ આરોપી મણીલાલ અને ગેમરભાઈ દેસાઈ વિરૂધ્ધ આપેલી. જે ફરીયાદ કલમ–૧૫૪ ના ફોર્મમાં નોંધવામાં આવેલી છે અને તેમાં બનાવની હકીકત જે જણાવેલી તે જ હકીકત લખેલી હોવાનું જણાવી આંક–૧૪ થી ફરીયાદ રજુ કરેલ છે અને આરોપી ગેમર દેસાઈ કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે.

૧૨. આ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ થયેલી છે. ફરીયાદી સાહેદે એ હકીકત સ્વીકારેલી છે કે તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને તેઓના સુપરવાઈઝર અને મેનેજરે જે હકીકત જણાવેલી તેના આધારે ફરીયાદ લખાવેલી હતી.

૧૩. આ કામમાં ફરીયાદ પક્ષના મહત્વના સાહેદના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી તેમજ તેઓને બનાવની જાણ તેમના સુપરવાઈઝર અને મેનેજર ધ્વારા કરવામાં આવેલી હતી. આમ, ફરીયાદ પક્ષના મહત્વના સાહેદ એવા ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી અને બનાવની જાણ અન્ય વ્યકિતઓ ધ્વારા થયેલી છે આમ, ફરીયાદી એ હીયર સે સાહેદ છે અને તેઓના પુરાવાથી બનાવ બનેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે, પરંતુ ફરીયાદીએ બનાવ સ્થળે જઈ શું સળગાવેલ તે જોયું તે અંગે કોઈ જ હકીકત જણાવેલ નથી આમ, બનાવમાં આગ લાગતા શું સળગી ગયેલ તે અંગે કોઈ સ્પષ્ટ હકીકત

રેકર્ડ ઉપર આવેલ નથી. આંક–૧૪ થી રજુ થયેલ ફરીયાદની હકીકત વંચાણે લેતાં આ કામના આરોપી મણીલાલ કે જેઓ મળી આવતા નથી તેઓ અગાઉ કંતાનની ચોરી કરતાં પકડાઈ ગયેલ તેથી ગોડાઉન ફરીયાદી સંભાળતા હતા અને તેનો દ્વેષભાવ રાખી મણીલાલે અગાઉથી દિવાસળીની માચીસ સંતાડી રાખેલ તેનાથી કંતાનના માંડવાને ઉપરના ભાગેથી સળગાવતા સામેની સાઈડે માળી પાણી છાંટતો હોય તેણે પાણીનો ફુવારો છાંટી આગ ઓલવી નાખેલ તે મુજબની હકીકત જણાવેલ છે, આ હકીકત ઘ્યાને લેતાં આ કામના આરોપીએ આમાં કોઈ ભૂમિકા ભજવેલ હોય તેવું જણાઈ આવે છે.

**// ફરીયાદ પક્ષ તરફે સાહેદનો મૌખિક પુરાવો //**

૧૪. આ કામમાં ફરીયાદ પક્ષના સાહેદ નં.૧ પ્રવિણભાઈ ચીનુભાઈ શાહનો આંક–૬ થી મૌખિક પુરાવો નોંધવામાં આવેલો છે. સાહેદના મૌખિક પુરાવાની હકીકતો વંચાણે લેતાં જણાવેલું છે કે તેઓ નિવૃત્ત જીવન ગુજારે છે અને સને ૧૯૯૭માં રાજુભાઈ ગાંધી કે જેઓ ડેકોરેશનનો ધંધો કરતા હતા તેમના કલાર્ક તરીકે કામ કરતા હતા અને સાહેદના કામનો સમય સવારના ૯:૦૦ થી સાંજના ૭:૦૦ સુધીનો હતો અને સાહેદ હિસાબ રાખવાની અને ઓર્ડર મુજબ માલસામાન મોકલવાની કામગીરી કરતા હતા.

૧૪.૧ વધુમાં સાહેદે જણાવેલ છે કે, **બનાવને ઘણા વર્ષો થયેલ હોય તેમને યાદ નથી અને ડેકોરેશનના મંડપને કોઈએ આગ લગાડી હતી કે કેમ તે પણ યાદ નથી. તેઓ કોઈ વ્યકિતને ઓળખી શકે નહિ.**

૧૫. આ સાહેદને ફરીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. ત્યારબાદ પણ સમર્થનકારક પુરાવો રજુ કરેલો નથી.

૧૬. આ સાહેદની આરોપી પક્ષ તરફે ઉલટ તપાસ થયેલી છે જેમાં સાહેદે બનાવ અંગે કોઈ જાતમાહિતી નથી તેમજ બનાવ નજરે જોયેલ નથી તેવી હકીકત સ્પષ્ટપણે સ્વીકારેલી છે.

૧૭. આ કામમાં ફરીયાદ પક્ષના મહત્વના સાહેદના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરતા આ સાહેદ ફરીયાદીની ડેકોરેશનની કંપનીમાં કલાર્ક તરીકે કામ કરતા હતા અને બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા તે હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે. આ સાહેદે બનાવની જાતમાહિતી ન હોવાનું અને બનાવ નજરે જોયેલ ન હોવાનું જણાવી ફરીયાદ પક્ષના કથન મુજબના આક્ષેપિત ગુન્હા વિશે કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ ન હોય ફરીયાદ પક્ષના કેસને મદદકર્તા નથી.

૧૮. આ કામમાં ફરીયાદ પક્ષના સાહેદોને સમન્સ કરતાં સાહેદ નં.૧ અનંતરામ રામલખન જાદવ તથા સાહેદ નં.૫ મગનભાઈ જેઠાભાઈ સૈજુ નાઓ તપાસ કરતા મળી આવેલ નથી તેમજ સાહેદ નં.૩ અશોકભાઈ જસવંતલાલ મોદીનાઓ પથારીવશ છે તેમજ સાહેદ નં.૪ કીરીટભાઈ માયાભાઈ શાહનાઓ મરણ ગયેલ છે તેમજ આ કામના તપાસ કરનાર અધિકારી શ્રી આર.વી.પ્રજાપતિનાઓ મળી આવતા નથી તે મતલબના શેરા સાથે પરત આવેલ છે અને સાહેદોને ઈશ્યુ કરવામાં આવેલા સમન્સ અનુક્રમે આંક–૭ થી ૯ અને આંક–૧૧ અને આંક–૧૨થી રજુ કરવામાં આવેલા છે. આમ, આ તમામ સાહેદો પૈકી બનાવ નજરે જોનાર સાહેદો અને પંચસાહેદો ફરીયાદ પક્ષના મહત્વના સાહેદો છે પરંતુ તેઓનો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. જે હકીકત કેસના ન્યાયિક નિર્ણય

માટે ધ્યાનમાં લેવાનું ન્યાયી અને વાજબી જણાય છે.

૧૯. આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા નીચેની હકીકતો સ્પષ્ટપણે ફલિત થયેલી છે.

(૧) ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલ ફરીયાદીના મૌખિક પુરાવો અને ફરીયાદના દસ્તાવેજી પુરાવાની સરખામણીમાં ભિન્ન ભિન્ન હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

(૨) આ કામમાં ફરીયાદ પક્ષના મહત્વના સાહેદ ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી તેમજ અન્ય સાહેદો ધ્વારા બનાવની જાણ થયેલ છે.

(૩) બનાવને નજરે જોનાર ફરીયાદ પક્ષના સાહેદ નં.૧ પ્રવિણભાઈ ચીનુભાઈ શાહ સમર્થન આપતા નથી, હોસ્ટાઈલ જાહેર થયેલા છે તેમજ બનાવને નજરે જોનાર અન્ય સાહેદો કે પંચસાહેદોના મૌખિક પુરાવા રેકર્ડ ઉપર રજુ થયેલા નથી.

(૪) ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરતા અને ફરીયાદ પક્ષની આક્ષેપિત હકીકતને ધ્યાનમાં લેતાં એ હકીકત સ્વીકૃત છે કે આક્ષેપિત ઘટના બનતા કોઈએ જોયેલ નથી.

(૫) ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકીકતોનું મૂલ્યાંકન કરતા તહોમતનામાની આક્ષેપિત હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

૨૦. આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું ઉપરોકત હકીકતોએ મૂલ્યાંકન કરતા આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી અને સાહેદે ફરીયાદ પક્ષના કથન મુજબનો બનાવ નજરે જોયેલ નથી અને આ કામના આરોપી દ્વારા આગ લગાડવામાં આવેલી હતી તે હકીકત સ્પષ્ટ રીતે ફલિત થયેલ નથી. આમ, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ મુદ્દા નં.૧ની હકીકતો ન્યાયી, વાજબી શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧નો નિર્ણય નકારમાં આપી ન્યાયના હિતમાં નીચે પ્રમાણેનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: આ ખ રી હુ ક મ :**

આ કામના આરોપી **(૨) ગેમરભાઈ મગનભાઈ રબારી,** રહે. રાધાકૃષ્ણનગર વિ–૧, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૩૬ ની સાથે વાંચતા ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદા વિરૂધ્ધ નામ.હાઈકોર્ટમાં અપીલ થાય તો અપીલના કામમાં હાજર રહેવા માટેના આરોપીએ રૂા.૫૦૦૦/– ના જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન હુકમની તારીખથી દિન–૭માં રજુ કરવા.

હુકમ આજ તારીખ ૪થી માહે ઓગષ્ટ, ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**(ડી.એમ.વ્યાસ)**

તા.૦૪–૦૮–૨૦૨૨ મુખ્ય સત્ર ન્યાયાધીશ

અમદાવાદ. અમદાવાદ(ગ્રામ્ય)

UAP [Code: GJ00326]